# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાતએકટનં. ૨૪/૨૦૧૫ દ્વારાસ્થાપિત)

નં. એસજીજીયુ/પ્રવેશ/મપસ/શિક્ષણ/૨૦૨૦/ તા. ૧૨/૦૭/૨૦૨૦

પરિપત્ર-૩૦૦૦

વિષય : બી.એડ્. પ્રવેશ અંગેની જાહેરાતમાં સુધારા બાબત.

સંદર્ભ : આ યુનિવર્સિટીની તા.૧૨/૦૭/૨૦૨૦ ના રોજ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ થયેલ બી.એડ્. પ્રવેશ અંગેની જાહેરાત.

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ બી.એડ્. કોલેજોના આચાર્યશ્રીઓ અને સંબંધિત વિદ્યાર્થીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે આ યુનિવર્સિટી દ્વારા તા.૧૨/૦૭/૨૦૨૦ રવિવાર ના રોજ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માં બી.એડ્. અભ્યાસક્રમમાં પ્રવેશ માટે વર્તમાન પત્રોમાં જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. પરંતુ સરકારી બી.એડ્. કોલેજ, નસવાડી., શ્રી સાર્વજનિક કોલેજ ઓફ એજ્યુકેશન, ગોધરા. તથા શેઠ એમ.એન.સી. કોલેજ ઓફ એજ્યુકેશન, ડભોઇ., શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારશ્રીના જાહેરનામાં અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ થી ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર (IITE) સાથે સંલગ્નતા ધરાવતી હોય આ કોલેજો માટે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા દ્વારા પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવાની રહેતી નથી. આમ જાહેરાતમાં સરકારી, અનુદાનિત અને સ્વ-નિર્ભર કોલેજોના સ્થાને માત્ર સ્વ-નિર્ભર કોલેજો તેમ સુધારો જાહેર કરવામાં આવે છે. જે ધ્યાને લેવા આપને જણાવવામાં આવે છે.

કા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,
- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ બી.એડ્. કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
- સંબંધિત વિદ્યાર્થીઓ તરફ જાણ સારું.